# ઉત્તરાખંડમાં ભૂખમરાથી હજારોના મોતની ભીતિ

દહેરાદૂન,તા. ૨૨

ઉત્તરાખંડમાંહિમાલિયન સુનામીમાં સત્તાવાર રીતે મોતનો આંકડો ૫૬૦ જણાવવામાં આવી ચૂક્યો છે અને હજુ પણ મોતનો આંકડો સતત વધી રહ્યો છે. ઉત્તરાખંડમાં હવે હવામાન, ભૂખમરાના કારણે હજારો લોકો સામે નવી તકલીફ ઊભી થઈ ગઈ છે. હજારો લોકોના અસ્તિત્વ સામે નવુ સંકટ ઉભુ થઈ ગયુ છે. ખતરનાક રોગચાળાનો ભય તોળાઈ રહ્યો છે. ઉત્તરાખંડમાં કુદરતી હોનારતમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. દહેરાદુન પહોંચેલા કેન્દ્રીય ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદેના જણાવ્યા મુજબ ૩૦ થી ૩૨ હજાર લોકો હજુ પણ ફસાયેલા છે. શિંદેનું કહેવું છે કે, પૂરથી સત્તાવાર રીતે ૧૭૫૧ આવાસ, ૧૪૭પુલ, ૧૩૦૭ માર્ગોને નુકશાન થયું છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી બહુગુણા મોતનો આંકડો ૫૬૦ જણાવી ચુક્યા છે પરંતુ આ આંકડો હજારોમાં હોવાની દેહશત છે. કુદરતી હોનારત બાદ હવે સમયને લઈને નવી કટોકટી ઊભી થઈ છે. કારણ કે હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી ચૂકી છે. ઉત્તરાખંડના પહાડી વિસ્તારમાં અતિ ભારે વરસાદની આગાહી કર્યા બાદ તંત્રની ચિંતા અકબંધ રહી છે જેથી હવે ફૂબ જ કલાકોના ગાળામાં જ કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી અને ગંગોત્રીમાં અટવાયેલા બાકીના હજારો લોકોને ખસેડી લેવા પડશે. લાપત્તા લોકોની સંખ્યા હજુ પણ ખૂબ મોટી જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો હજુ પણ વધી રહ્યો છે. હેલિકોપ્ટરનો ખૂબ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આઈટીબીપીના વડા અજય ચડ્ડાએ કબૂલાત કરી છે કે સમય ઝડપથી નીકળી રહ્યો છે. સેના અને અમારા જવાનો જુદા જુદા વિસ્તારોમાંથી ખૂબ જ જટિલ સંજોગોમાં લોકોને ખસેડવામાં લાગેલા છે. કેદારનાથના જુદા જુદા વિસ્તારોમાં હજુ પણ હજાર જેટલા લોકો ફસાયેલા છે. તીવ્ર ઠંડી અને ભોજનના અભાવના કારણે હજારો લોકો મુશ્કેલીમાં મૂકાયેલા છે. કેદારનાથમાં ઓપરેશન ઉપર નજર કર્યા બાદ એક અધિકારીએ કહ્યું હતું કે કેટલાક લોકોના ભૂખમરા અને માંદગીના કારણે પણ મોત થઈ ચૂક્યા છે. તેમણે કહ્યું છે કે આવી સ્થિતિમાં ભોજન વગર મોટી વયના લોકો જીવી શકે તેવી શક્યતા ખૂબ ઓછી રહે છે. કેદારનાથ ઉપરાંત જેને સૌથી વધારે અસર થઈ છે તે બદ્રીનાથ-હેમકુંડ સાહિત છે. અહીં ૧૦૦૦૦ લોકો અસરગ્રસ્ત છે. ગંગોત્રી અને યમનોત્રી ઉપર આટલા જ લોકો અટવાયેલા છે. આ આંકડા દર્શાવે છે કે તમામને ખસેડવાના પડકાર ખૂબ જ ખતરનાક છે. ઉત્તરાખંડના સચિવ સુભાષકુમારે કહ્યું છે કે બચાવ ઓપરેશન તીવ્ર રીતે ચાલી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે વરસાદની આગાહી કરવામાં આવી છે જેથી અમે સાવધાન છે. ૨૪મી જૂન સુધી અમને તમામ લોકોને ખસેડી લેવાની જરૂર છે પરંતુ આ તમામ બાબત હવામાન ઉપર આધારિત છે. રૂદ્ર પ્રયાગ, ગૌરીકુંડ વચ્ચેના પટ્ટાઓ નાશ પામ્યા છે. બદ્રીનાથ તરફ દોરી જતા માર્ગને ગોવિંદ ઘાટ અને બદ્રીનાથ વચ્ચે ખૂબ નુકસાન થયું છે. ગડવાલના ડિવિઝનર કમીશનર સુવર્ધને કહ્યું છે કે તમામ માર્ગોને વ્યવસ્થિત કરવા બેથી ત્રણ મહિનાનો સમય લાગી જશે. આગામી બે દિવસ સુધી બચાવ કામગીરી હાથ ધરવામાં આવશે. જુદા જુદા પ્રકારના હેલિકોપ્ટરનો પૂરતો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ૨૨ હેલિકોપ્ટર દ્વારા ૬૦૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હિમાલિયન સુનામીના ૫-૬ દિવસ બાદ પણ હજારો લોકો હજુ પણ ફસાયેલા છે. તીવ્ર ઠંડીના કારણે હાલત કફોડી બનેલી છે. ચાર ધામના રૂટ ઉપર જુદા જુદા વિસ્તારોમાં ૪૦ હજાર લોકો હજુ પણ અટવાયેલા છે. આશરે ૧૦૦૦૦ જેટલા લોકો બદ્રીનાથમાં ભોજન અને પાણી વગર ફસાયેલા છે. સત્તાવાર સૂત્રોનું કહેવું છે કે ૩૩૧ શ્રદ્ધાળુ લાપત્તા થયા છે. બિનસત્તાવાર રીતો એકલા રૂદ્રપ્રયાગ જિલ્લામાં ૧૦,૦૦૦થી ૧૫૦૦૦ જેટલા લોકો લાપત્તા થયેલા છે. ઉત્તરાખંડના જિલ્લા ડીએમ આર રાજેશકુમારે કહ્યું છે કે ૯૦૦૦ જેટલા શ્રદ્ધાળુને બચાવાયા છે. આ તમામને ઉત્તર કાશી રાહત સેન્ટરમાં લઈ જવાયા છે. જ્યારે ગંગોત્રી અને યમનોત્રીમાં ૧૧૦૦૦ લોકો ફસાયેલા છે.

## ઉત્તરાખંડમાં વધુ વરસાદની આગાહી

દેહરાદૂન,તા. ૨૨



ઉત્તરાખંડમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે ત્યારે હવામાન ખાતાએ બચાવ અને રાહત કામગીરીમાં વ્યસ્ત સેના અને અન્ય તમામ સંસ્થાઓની તકલીફો વધારી દીધી છે. કારણકે હવામાન વિભાગે વધુ વરસાદ તુટી પડવાની આગાહી કરી છે. આજ કારણસર બચાવ અને રાહત કામગીરીને વધુ તીવ્ર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેબીનેટ સચિવ અજીત શેઠ દ્વારા આ નિર્ણયની જાણ વડાપ્રધાન મનમોહનસિંહને કરી દેવામાં આવી છે. રાજ્યમાં પૂરની પરિસ્થિતિ અંગે વડાપ્રધાનને માહિતી આપી દેવામાં આવી છે. આજે સવારે વડાપ્રધાનને પૂર અંગેની માહિતી આપવામાં આવી હતી. બચાવ કામગીરીમાં સામેલ વિભાગોના ટોચના અધિકારીઓની બેઠક બાદ સવારમાં અને સાંજે વડાપ્રધાનને દરરોજ માહિતી આપવામાં આવી રહી છે. કેબીનેટ સચિવે માહિતી આપી છે કે, ૭૩૦૦૦ લોકોને સેના, એરફોર્સ, અર્ધલશ્કર દળો અને અન્યો દ્વારા બચાવવામાં આવ્યા છે. બચાવ ઓપરેશન તીવ્ર રીતે ચાલી રહ્યું છે. ૫૬ હેલીકોપ્ટરોની સેવા લેવામાં આવી રહી છે. આવતીકાલે અને સોમવારે આ ઓપરેશન વધુ તીવ્ર બનશે. બચી ગયેલા લોકો માટે આગામી ૪૮ કલાક મહત્વપૂર્ણ રહેશે. વિનાશકારી પૂરના કારણે ગૌરીકુંડ અને ગોવિંદ ઘાટ સહીત ૪૦૦૦૦ કિમી વિસ્તારને વધારે નુકશાન થયું છે. ૩૬ હજાર એલપીજી સિલીન્ડરો મોકલવામાં આવ્યા છે. બચાવ કામગીરીને લઈને ઉત્તરાખંડ સરકાર દ્વારા પણ નજર રખાઈ રહી છે.

## નેપાળમાં ભીષણ પૂર અને ભૂસ્ખલન : ૩૯નાં મોત

કાઠમંડુ,તા. ૨૨

ભારતનાં પડોશી દેશ નેપાળનાં દસ જિલ્લાઓમાં છેલ્લાં પાંચ દિવસથી થઈ રહેલાં સતત મૂશળાધાર વરસાદનાં કારણે ત્યાંની કેટલીક નદીઓમાં પૂર આવ્યા છે. ભેખડ ધસી પડવાનાં કારણે ૩૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. નેપાળી ગૃહમંત્રાલયે જણાવ્યું છે કે, રવિવારે આવેલાં પૂર અને ભેખડો ધસી પડવાનાં કારણે હજુ સુધી ૩૯ લોકોનાં મોત થયા છે અને ૧૮ લોકો લાપતા છે. મંત્રાલયે પુષ્ટિ કરી હતી કે, ડાય લેકમાં ૭, કાલીકોટ અને દોતીમાં ૬ અને બેતાદીમાં ૫ લોકો માર્યા ગયા છે. સાત લોકો ઘાયલ થયા છે. અંદાજે ૨૦૦ મકાનો ક્ષતિગ્રસ્ત બન્યાં છે અને ૧૮ લોકો લાપતા બન્યાં છે જેની શોધખોળ ચાલે છે.

બેત્તાળી જિલ્લામાં ભેખડ ધસી પડવાનાં કારણે એક જ પરિવારનાં પાંચ લોકોનાં મોત થયા હતાં જ્યારે પશ્ચિમ નેપાળનાં અછમ જિલ્લામાં ભેખડ ધસી પડવાનાં કારણે મકાન ધરાશાયી થયું હતું અને તેમાં બે લોકોનાં મોત થયા હતાં. પોલીસે જણાવ્યું હતું કે, બારદીયા જિલ્લામાં કરનાલી નદીમાં આવેલ પૂરમાં અંદાજીત ૧૫૦૦ જેટલાં ઘર ડૂબી ગયા છે. હજારોની સંખ્યામાં લોકોએ ખુલ્લી જગ્યામાં અને સ્કૂલોમાં શરણાગતિ લીધી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય માર્ગોને પણ નુકસાન પહોંચ્યું છે અને અનેક સ્કૂલો બંધ કરવી પડી છે.

# રૂપિયાને લઈ હાલ રડવાની જરૂર છે જ નહીં : નાણાં મંત્રી

નવી દિલ્હી,તા. ૨૨

નાણા પ્રધાન પી ચિદમ્બરમે આજે કહ્યું હતું કે, સતત નબળા પડી રહેલા રૂપિયાને લઈને ચિંતા કરવાની જરૂર નથી. તેમણે કહ્યું હતું કે, રૂપિયાને ફરીથી પાટા ઉપર લાવવા માટે અને સ્થિર કરવા માટે રિઝર્વ બેંક દ્વારા પૂરતા પગલા લેવામાં આવશે. તેમણે એમપણ કહ્યું હતું કે, ટૂંક સમયમાં જ રૂપિયાની સ્થિતિ મજબુત થઈ જશે. ચિદમ્બરમે ઉમેર્યું હતું કે, હાલમાં અમને ભયભીત થવાની બિલકુલ જરૂર નથી. કારણકે, દુનિયાના



મોટાભાગના દેશોમાં હાલમાં ચલણની આવી જ સ્થિતિ થયેલી છે. તેમણે એમપણ કહ્યું હતું કે, અમેરિકાના ફેડરલ રિઝર્વના અધ્યક્ષ બેન બર્નાઈકેના રાહત સંબંધિત હાલના નિવેદનને ખોટી રીતે લોકો લઈ રહ્યા છે. જેના પરિણામ સ્વરૂપે અન્ય ચલણની સરખામણીમાં ડોલરની સ્થિતિ મજબુત થઈ રહી છે. ચિદમ્બરમે કહ્યું હતું કે, તેઓ માને છે કે, બર્નાઈકેના નિવેદનને ખોટી રીતે લેવામાં આવ્યું છે. બર્નાઈકેના નિવેદનનો ખોટો અર્થ વિદેશી પત્રકારો સહિત ભારતીય પત્રકારોએ પણ કાઢ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુરુવારના દિવસે રૂપિયો ડોલરની સરખામણીમાં ૫૯.૯૮ની સૌથી નીચી સપાટીએ પહોંચ્યો હતો. આના એક દિવસ પહેલા જ અમેરિકી ફેડરલ રિઝર્વ નાણાકીય રાહતનો અંત લાવવાની વાત કરી હતી. ગઈકાલે રૂપિયામાં રિકવરી નોંધાઈ હતી. અને મુંબઈના ઈન્ટર બેંક ફોરેન એક્ષચેન્જમાં રૂપિયો ડોલર સામે ૫૯.૨૭ની સપાટીએ રહ્યો હતો. જયારે ગુરુવારના દિવસે રૂપિયો ૫૯.૫૭ની સપાટીએ બંધ રહ્યો હતો.

## ઉત્તરાખંડ હોનારતને રાષ્ટ્રીય હોનારત ગણવા સાફ ઈન્કાર

દહેરાદુન,તા. ૨૨

કેન્દ્રીય ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદેએ ઉત્તરાખંડ હોનારતને રાષ્ટ્રીય હોનારત તરીકે ગણવાનો ઈન્કાર કરી દીધો છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત ઘણા રાજ્યોના મુખ્યમંત્રી ઉત્તરાખંડ હોનારતને રાષ્ટ્રીય આપત્તિ તરીકે જાહેર કરવાની માંગ કરી રહ્યા હતા. આજે સવારે પૂરગ્રસ્ત ઉત્તરાખંડનો પ્રવાસ કર્યા બાદ દહેરાદુન પહોંચેલા સુશીલકુમાર શિંદેએ ઉતાવળમાં રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા માટે એક બેઠક બોલાવી હતી. આ દરમિયાન શિંદેએ જ્યારે પત્રકારો સમક્ષ ઉપસ્થિત થયા ત્યારે તેમણે કહ્યું હતું કે, બચાવ કામગીરીમાં લાગેલી સંસ્થાઓ વચ્ચે સંકલનનો અભાવ દેખાઈ રહ્યો છે. આજ કારણસર આ બેઠક બોલાવવામાં આવી હતી. ગૃહ પ્રધાને એમપણ કહ્યું હતું કે, કુદરતી હોનારતને રાષ્ટ્રની સૌથી મોટી હોનારત તરીકે ગણી શકાય છે. પરંતુ આને રાષ્ટ્રીય આપત્તિ ગણવાનો ઈન્કાર કર્યો હતો.

## સમાચાર ઝલક

- ચારા કૌભાંડ : લાલુ, જગતાફના ભાગ્યને હજુ છોડતું નથી, ૧૫મીએ ચુકાદો.
- મુંબઇમાં હાઇપ્રોફાઇલ સેક્સ રેકેટ ઝડપાયું, ટીવી અભિનેત્રીઓ સપડાઇ.
- થોરડી ગામે વરસાદી પુરમાં ૨૦ સાપો તણાઇ કિનારે આવ્યા.
- અરબી સમુદ્રમાં ઉભી થયેલી સિસ્ટમને પગલે આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી.
- ૫૦ કિલો સિમેન્ટની ગુણ દાંતથી પકડીને ડાન્સ કરતો મિયાણાનો યુવાન...
- ઓનલાઇન યુગમાં ઇન્ટરેનિયા લગ્નો વધ્યા.
- પરમાણુ શસ્ત્રોમાં જંગી કાપ મુકવા ઓબામાની હિલચાલ.
- પેરૂમાં ખીણમાં બસ પડી, ૩૦ યાત્રીઓનાં મોત.
- કેનેડામાં પૂરનાં કારણએ ૧ લાખથી વધુ લોકોનું સ્થળાંતર.
- ગુજરાતમાં પ્રધાનમંડળના વિસ્તારણની અટકળો વધુ તેજ બની.
- પી.જી.ડીગ્રી માટે ગ્રામીણ પોસ્ટીંગ ફરજીયાત જ રહેશે.
- મોંઘવારીને બ્રેક લગાવવા ૧ કરોડ ટન ઘઉં બજારમાં ઠલવાશે.
- વેરાવળમાં કોમી હિંસા, આગના બનાવો, પથ્થરમારો, પોલીસને ઇજા, ગોળીબાર, સ્થળ પર ચાંપતો બંદોબસ્ત.
- કોમી એકતા દર્શાવતા ઠેર-ઠેર મસ્જિદોમાં બંદગી પુકારતાં મુસ્લિમ ભાઇઓ, કેદારનાથનાં દિવગંતો માટે...
- ઉનાના નિવૃત્ત શિક્ષિકાબહેને બે ગરીબ બાળકોને અભ્યાસ માટે દત્તક લીધા!
- દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ, સૂરતમાં મુશળધાર વરસાદ.
- તીર્થયાત્રીઓ માટે પ્રાર્થના કરતા પૂ. પ્રમુખ સ્વામી.
- રિલાયન્સ કેપીટલ સોનાનો ધંધો બંધ કર્યો.
- પાકિસ્તાનના પેશાવરમાં શિયા મસ્જિદ પર બોંબ ઝિકાયો, ૭નાં મોત.
- ઇશરતની માતા પર મુંબઇમાં ગોળીબાર.
- રામજન્મભૂમિ હિન્દુઓને અપાવો, રાષ્ટ્રપતિને સંતોનું આહ્વાન.
- ભાદરવી પૂનમે અંબાજીમાં ૧૨૫૧ ફૂટની ધજા લહેરાવાશે.

## મુંબઈના દહીંસરમાં ચાર માળની ઈમારત ધરાશાયી : ૪ના મોત

મુંબઈ, તા. ૨૨

મુંબઈમાં આજે સવારે એક ચાર માળની એક ઈમારત ધડાકા સાથે એકાએક તૂટી પડતાં ઈમારતમાં ગેરકાયદેસર વસવાટ કરી રહેલા ચાર વ્યક્તિઓના મોત નીપજ્યા હતા જ્યારે ત્રણ વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી.

મુંબઈ મહાનગરપાલિકા (બીએનસી)ના કન્ટ્રોલ રૂમના એક અધિકારીના જણાવ્યા પ્રમાણે આ દુર્ઘટના શનિવારે સવારે ૬.૩૦ કલાકે સર્જાઈ હતી પિયુશ નામનું આ બિલ્ડીંગ ધડાકા સાથે તૂટી પડતા એમાં રહેતા લોકો દુર્ઘટનાનો ભોગ બન્યા હતા. મુંબઈ મહાનગર પાલિકા વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસમાં એકાએક જમીનદોસ્ત થયેલી આ ત્રીજી ઈમારત હતી રાહત અને બચાવ વિભાગે મુંબઈના પૂર્વ વિસતારમાં



દહીંસરમાં આવેલી દુર્ઘટનાનો ભોગ બનેલી ઈમારતના કાટમાળમાંથી બે મૃતદેહો અને પાંચ જેટલા ઘવાયેલાઓને બહાર કાઢયા હતા. અને ઘવાયેલાઓને ભગવતી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં જ્યાં સારવાર દરમિયાન બે જણાંના મોત નીપજ્યા હતા. જયારે ત્રણ જેટલા ઘવાયેલાઓની હાલત હજુ પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. બન્ને મૃતકોની ઓળખ ફૈઝાન શેખ અને ધર્મેન્દ્ર હરિજન હોવાની થઈ છે, એવું કહેવાય છે કે આ બન્ને વ્યક્તિઓ શાકભાજીના વિક્રેતા હતા હજુ કાટમાળમાં અન્ય લોકો દટાયેલા છે કે કેમ એ અંગે કંઈ જ જાણવામળ્યું નથી. પણ રાહત અને બચાવ કાર્ય ચાલું છે. દહિસરના શિવસેના વિધાયક વિનોદ ઘોસલકરે જણાવ્યું હતું કે, મહાનગર પાલિકા દ્વારા આ ઈમારતને ભયજનક જાહરે કરીને બે વર્ષ પહેલાં જ ખાલી કરાવી ક્તી હતી અને બિલ્ડીંગનું નવનિર્માણ કરવાનું હતું પણ બિલ્ડીંગના માલિક અને ભાડુઆતો વચ્ચે ચાલતા વિવાદને કારણે કોર્ટ કેસ ચાલે છે. આ વિવાદની વચ્ચે સ્થાનિક વિસ્તારમાં શાકભાજી વેચતા વિક્રેતાઓએ ઈમારતમાં ગેરકાયદે રહેતા હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે મધ્ય મુંબઈના માહિમમાં આ પહેલા તા. ૧૦મી જૂનના રોજ એક ચારમાળની ઈમારત ધરાશાયી થતાં ૧૦ વ્યક્તિઓના મોત નીપજ્યા હતા. અને અડધોડઝન લોકો ઘવાયા હતા.

## ચારા કોંભાડમાં લાલુ માટે ૧૫મી જુલાઈ મહત્વપૂર્ણ

રાંચીમાં ખાસ સીબીઆઈ કોર્ટના ચુકાદા પર હવે તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. સમગ્ર દેશને હચમચાવી મુકનાર કરોડો રૂપિયાના ચારા કોંભાંડના સંબંધમાં આરજેડીના પૂર્વ વડા લાલુ પ્રસાદ યાદવ, બિહારના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન જગન્નાથ મિશ્રા અને અન્ય છ આઈએએસ અધિકારીઓના મામલે કોર્ટ ચુકાદો જાહેર કરનાર છે. ચારા કોંભાડ સાથે સંબંધિત આરસી ૨૦એ-૧૯૯૬ના મામલે કોર્ટ ચુકાદો જાહેર કરનાર છે. આ કેસ ૫૩ ઘાસચારા કોંભાડ સાથે સંબંધિત કેસોમાં આ મધર કેસ છે. છ કાવતરા કેસો પૈકી એ પ્રથમ કેસ છે. આ કેસમાં લાલુ અને મિશ્રા મુખ્ય આરોપી છે. આ કેસમાં ચુકાદો માત્ર લાલુ યાદવના ભાગ્યનો ફેંસલો જ કરશે નહી બલ્કે બિહાર રાજકારણમાં પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે. કેસ મહત્વપૂર્ણ છે કારણ કે વર્ષ ૧૯૯૭માં કેસમાં તેમની સામે સીબીઆઈ દ્વારા ચાર્જ કરવામાં આવ્યા બાદ મુખ્યપ્રધાન તરીકે લાલુ યાદવે રાજીનામુ આપી દીધુ હતુ.

## ઉત્તરપ્રદેશમાં બસ અને ટ્રક ટકરાતા ૧૩ના થયેલા મોત

બસ્તી,તા. ૨૨

ઉત્તરપ્રદેશના બસ્તી જિલ્લાના હરિયા વિસ્તારમાં યાત્રીઓથી ભરચક બસ એક ટ્રક સાથે ટકરાઈ જતા ઓછામાં ઓછા ૧૩ લોકોના મોત થયા



હતા અને અન્ય ૧૨ લોકો ઘાયલ થયા હતા. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે આ અકસ્માત એટલો પ્રચંડ હતો કે ૧૩ લોકોના ઘટનાસ્થળે મોત થયા હતા. યાત્રીઓથી ભરચક બસના ટાયર ફાટી ગયા બાદ ડ્રાઈવરે કાબુ ગુમાવી દીધો હતો જેથી આ બસ ટ્રક સાથે ટકરાઈ ગઈ હતી. આ બનાવ ગઈકાલે મોડી રાત્રી બન્યો હતો. મૃત્યુ પામેલા લોકોની ઓળખવિધી કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પરંતુ હજુ તેમની ઓળખ કરી શકાઈ નથી. ઘાયલ થયેલા તમામ લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બસ્તીમાં આ બનાવ બન્યા બાદ આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જો કે મોડી રાત્રે બનાવ બન્યો હોવાથી બચાવ અને રાહત કામગીરી શરૂ કરવામાં સમય લાગ્યો હતો. ઘાયલ પૈકી કેટલાક ગંભીર હોવાની વાત તબીબોએ પણ કરી છે.

**કેનેડામાં ભીષણ પૂરનાં કારણે**

## એક લાખ ભારતીય બેઘર થાય એવી પ્રબળ શક્યતા

ટોરેન્ટો,તા. ૨૨

કેનેડામાં આવેલાં ભીષણ પૂર અને તોફાનનાં કારણે અંદાજે એક લાખ ભારતીયોને તેમનાં ઘર ગુમાવવાં પડશે. કેલગરી શહેરનાં અધિકારીઓએ જણાવ્યું છે કે, અત્યંત કીચડ સાથેનાં કાટમાળનો મોટી સંખ્યામાં જમાવટ થવાથી ફ્રાંસ-કેનેડા રાષ્ટ્રીય રાજમાર્ગને બંધ કરી દેવામાં આવ્યો છે જેનાં કારણે બાફ અને કેનમોરનાં માઉન્ટેન રિસોર્ટ શહેરનાં માર્ગો સંપર્કથી વિહોણા બન્યાં છે. કેનેડામાં સૌથી વધુ સંખ્યામાં પંજાબી લોકો છે. હાલની પરિસ્થિતિ જોતાં એક લાખથી વધુ ભારતીયો બેઘર બને તેવી શક્યતા છે. સૂત્રો જણાવે છે કે, પૂરનાં કારણે સૌથી વધારે નુકસાન એલ્બર્ટો પ્રાંતમાં થઈ છે. એલ્બર્ટોમાં આવેલ હાઈવુડ નદીમાં આવેલાં પૂરનાં કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. મૂશળાધાર વરસાદ અને પૂરનાં કારણે દક્ષિણ એલ્બર્ટોની સડકો, પુલોને મોટાપાયે નુકસાન થયું છે. ગાડી, ઘરવખરીનો સામાન તણાઈ ગયા છે. કેટલાંક લોકો પૂરમાં લાપતા થવાની પણ શક્યતા સેવાઈ રહી છે જેમાં એક વ્યક્તિ લાપતા થયાની વાતને પુષ્ટિ મળી છે. સ્થાનિક પ્રશાસને લોકોને આ વિસ્તાર ખાલી કરવાનું કહી દીધું છે અને આ તમામ લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવાનું કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે.

# દેશભરમાં હવે એલપીજીના ઉપયોગમાં નોંધપાત્ર ઘટાડો

નવી દિલ્હી,તા. ૨૨

સબસીડીવાળા સિલિન્ડર ઉપર મર્યાદા મૂકવામાં આવતા દેશભરમાં એલપીજી સિલિન્ડરના ઉપયોગમાં ઉલ્લેખનીય રીતે ઘટાડો થયો છે. સબસીડીવાળા ફ્યુઅલના ડાયવર્ઝન સામે ચાંપતી નજર રાખવાની શરૂઆત થયા બાદ આનો ઉપયોગ ઘટવા લાગ્યો છે. લિક્વીફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) જેને સામાન્ય રીતે રાંધણગેસ સિલિન્ડર કહેવામાં આવે છે તેનો ઉપયોગ ઘટ્યો છે. સરકારે દરેક પરિવારને સબસીડીવાળા સિલિન્ડરોની સંખ્યા મર્યાદિત કરી દીધા બાદ આનો ઉપયોગ ઘટ્યો છે. પ્રથમ વખત એલપીજી સિલિન્ડરના ઉપયોગમાં ઘટાડો નોંધાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે એક વર્ષમાં સબસીડીવાળા એક પરિવારને નવ સિલિન્ડર આપવાનો નિર્ણય કરવામાં આવી ચૂક્યો છે. ગયા વર્ષે આ જ ગાળાની સરખામણીમાં સતત બે મહિનામાં એલપીજી સિલિન્ડરના ઉપયોગમાં ઘટાડો થયો છે. એપ્રિલ-મે ૨૦૧૩ દરમિયાન ભારતમાં રાંધણગેસ વપરાશ એપ્રિલ-મે ૨૦૧૨માં ૨.૫ મિલિયન ટનની સરખામણીમાં ઘટીને ૨.૪ મિલિયન ટન થયું છે. અગાઉના આંકડા મુજબ ભારતમાં રાંધણ ગેસના વપરાશમાં ૩.૩ ટકાનો ઘટાડો થયો છે. અગાઉના વર્ષના આ જ ગાળાની સરખામણીમાં સ્થિતિ સુધરી છે. એપ્રિલ ૨૦૧૨ની સરખામણીમાં એપ્રિલ ૨૦૧૩માં વપરાશમાં ૦.૭ ટકાનો ઘટાડો થયો છે જ્યારે મેમાં આ ઘટાડો ૫.૨ ટકા થયો છે. સરકારે સૌથી પહેલા સપ્ટેમ્બર ૨૦૧૨માં અમલી બને તે રીતે એક પરિવારને સબસીડીવાળા સિલિન્ડરોની સંખ્યા ઘટાડીને છ કરી હતી. જો કે હોબાળો મચ્યા બાદ જાન્યુઆરી ૨૦૧૩માં આ સંખ્યા વધારીને ૯ કરવામાં આવી હતી. ચેન્નાઈમાં સબસીડીવાળા એલપીજીની કિંમત ૩૯૮ અને દિલ્હીમાં ૪૧૦ છે જ્યારે બીજી બાજુ બિનસબસીડીવાળા સિલિન્ડરની સંખ્યા ચેન્નાઈમાં ૭૯૨ અને દિલ્હીમાં ૮૦૨ છે. ૯ સિલિન્ડરની મર્યાદા બાદ કોઈપણ સિલિન્ડરના ઉપયોગને સબસીડી તરીકે ગણવામાં આવશે નહીં.